# શહેરના બજારોમાં દિવાળીની ઘરાકી જામી

## દુકાનોમાં હૈયેથી હૈયુ દળાય તેવી ભીડ રહેતા વેપારીઓ હરખાયા

દિવાળીના છેલ્લા દિવસોમાં બજારોમાં ઘરાકી જામી છે. શહેરના સેકટર-૨૧,૨૪ અને ૭ ના બજારમાં માનવ મહેરામણ ઉમટી પડ્યો છે. અને કાર પાર્કીંગ માટે જગ્યા ઓછી પડે છે. ફટાકડા, કાપડ, જવેલર્સ, ફરસાણ, મીઠાઈ, ડ્રાયફુટ, કુકીઝ, શુઝ, રોશની માટે લાઈટીંગ સહિત



ઘરની સજાવટ માટે અવનવી ચીજવસ્તુઓ ખરીદવા માટે નગરજનો પડાપડી કરી રહ્યા છે. ત્યારે ખાણીપીણીમાં પણ વિવિધ નાસ્તાની બોલબાલા બોલાય છે. જયારે દિવાળીના દિવસો સુધી શહેરના બજારો મોડીરાત સુધી ધમધમશે. છેલ્લી ઘડી એ દિવાળીની ઘરાકી માટે ગ્રાહકો આવતા વેપારીઓમાં પણ આનંદનું મોજુ ફરી વળ્યું છે.

દિવાળી એટલે પ્રસન્નતા અને પ્રકાશનું પર્વ... કેટલાક નાગરીકો દિવાળીને ઉત્સવોનું સ્નેહસંમેલન પણ કહે છે. દિવાળી અને નૂતનવર્ષાભિનંદનના પર્વને ગણતરીના કલાકો બાકી રહ્યા છે. ત્યારે છેલ્લી ઘડીની ખરીદી કરવા શહેરના બજારોમાં નાગરીકોનું કીડીયારુ ઉભરાયુ હોય તેવી પ્રતિતિ થાય છે. દિવાળીના શુભ તહેવારોમાં પરિવાર સાથે ખરીદી કરવા બજારમા જતા સેકટર-૨૧ માં માનવ મહેરામણ છલકાય છે. સેકટર-૨૧ માં ખરીદી માટે શોપિંગ પેલેસ હોવાથી નાગરીકો મોટેભાગે અહી આવે છે. સેકટર-૨૧ આસપાસનો વિસ્તાર જાણે કે પાર્કીગ ઝોનમાં ફેરવાઈ ગયો છે. સવારથી સાંજ સુધી ગ્રાહકોની ભારે ભીડ રહેતા અને છેલ્લા દિવસોમાં ઘરાકી રહેતા દુકાનદારો હરખાયા છે. શહેરના સેકટર-૭, ૨૧, ૨૪, મીનાબજારએ મુખ્ય ખરીદીના કેન્દ્રો છે. મીનાબજારમાં પણ ગ્રાહકોની હકડેઠઠ ભીડ જોવા મળે છે. કારણ કે ઘરની તેમજ જરુરી નાની ચીજવસ્તુઓ મીનાબજારમાં વ્યાજબી ભાવે અને સરળતાથી મળી રહે છે.નાગરીકો દિવાળીના ઉત્સવને અનુલક્ષી વિવિધ ચીજવસ્તુઓની ખરીદી કરતા હોય છે. જેમાં ફટાકડા, સોના-ચાંદીના દાગીના, કપડા, મીઠાઈ, ફરસાણ, ડ્રાયફ્રુટ, અવનવી વેરાયટીના દિવડાઓ, ઘરને રોશનીથી ઝગમગાટ કરવા લાઈટો, બુટ-ચંપલ, ઘર સજાવટની નાની ટ્રેડીશનલ ચીજવસ્તુઓનો સમાવેશ થાય છે. દિવાળીની છેલ્લી ઘડીની ખરીદી



જામતા વેપારીઓ સવાર થી સાંજ સુધી નવરા પડતા નથી. જયારે અંતિમ દિવસોમાં ઘરાકી ખુલતા વેપારની આશા બંધાતા વેપારીઓમાં પણ હર્ષની લાગણી ફેલાઈ જવા પામી છે. દિવાળીનો માહોલ શહેરમાં બરાબરનો જામ્યો છે. નગરના બજારોમાં જ્યાં નજર કરો ત્યાં નાગરીકોનો માનવ મહેરામણ જોવા મળે છે. બજારની આસપાસના માર્ગો પાર્કીગ ઝોન બની જવા પામ્યા છે. ત્યારે ત્યાંથી પસાર થવુ પણ આમ નાગરીક માટે મુશ્કેલી રુપ બની જાય છે. દિવાળીને અનુલક્ષી બજારમાં માનવીઓની ચહલ પહલ વધતા ખાણીપીણી બજારમાં પણ તેજી આવી ગઈ છે. શહેરીજનો વિવિધ ચીજવસ્તુઓની ખરીદી કર્યા બાદ અવનવા નાસ્તા તેમજ જમવા માટે હોટલ કે રેસ્ટોરન્ટમાં જતા હોવાથી ખાણી-પીણી બજારમાં અનેરો માહોલ સર્જાયો છે. જયારે વેપારીઓ દ્વારા પણ ગ્રાહકોને આકર્ષવા અવનવી સ્કીમો મુકી બજાર સુધી ખેંચી લાવવામાં સફળ રહ્યા છે.

શહેરીજનો છેલ્લી ખરીદી માટે બજારો ખુંદી વળ્યા છે. આનંદ અને ઉત્સાહના પર્વની ઉજવણી કરવા સૌ કોઈ આતુર છે ત્યારે ખરીદીમાં કોઈ કચાશ રહી ના જાય તેની પણ ખાસ તકેદારી નાગરીકો લઈ રહ્યા છે. સેકટર-૨૧ માં હૈયે થી હૈયુ દળાય તેવી ભીડ જામે છે. શહેરના બજારમાંથી કાર લઈને પસાર થવુ પણ મુશ્કેલીરુપ બન્યું છે.સેકટર-૨૧ માં ટુ-વ્હીલર

## મુખ્યમંત્રી નૂતનવર્ષે ગાંધીનગર-અમદાવાદમાં પ્રજાજનો સાથે શુભેચ્છા આપ-લે કરશે

ગાંધીનગર, તા. ૨૭

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી તા. ૩૧ ઓકટોબર-૨૦૧૬ને સોમવારે નૂતન વર્ષ નિમિત્તે મંત્રીમંડળ નિવાસ સંકુલમાં આવેલા કોમ્યુનીટી સેન્ટર ખાતે સવારે ૮.૦૦ થી ૮.૪૫ સુધી નાગરિકો સાથે નૂતન વર્ષાભિનંદન અને શુભેચ્છાઓનું આદાન-પ્રદાન કરશે.

ત્યારબાદ મુખ્યમંત્રી ૮.૫૦ કલાકે રાજ્યપાલશ્રીને રાજભવન ખાતે નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવશે.

આ વર્ષે નૂતનવર્ષ પ્રારંભ દિવસ અને લોહપુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૪૧મી જન્મજયંતિનો સુભગ સુયોગ રચાયો છે ત્યારે મુખ્યમંત્રી ગાંધીનગરમાં સ્વર્ણિમ પાર્કમાં સરદાર સાહેબની પ્રતિમા સમક્ષ સવારે ૯.૧૫ કલાકે આદરાંજલી અર્પણ કરવાના છે.

વિજયભાઈ રૂપાણી સરદાર સાહેબને ભાવાંજલી અર્પણ કરીને સવારે ૧૦ થી ૧૧ કલાક સુધી અમદાવાદમાં એનેક્ષી સરકીટ હાઉસ, શાહીબાગ ખાતે નાગરિકો સાથે નવા વર્ષની શુભેચ્છાઓની આપ-લે કરશે.

મુખ્યમંત્રી બપોરે ૧૧.૩૦ કલાકે શાહીબાગ ડફનાળા ખાતે પોલીસ ઓફિસર્સ મેસમાં વરિષ્ઠ પોલીસ અફસરો અને તેમના પરિવારોને નૂતન વર્ષની સુભકામનાઓ પાઠવવા ઉપસ્થિત રહેશે.





### યુથ કોંગ્રેસના હોદ્દેદારોની વરણી

આગામી વર્ષે રાજ્યમાં વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ આવી રહી છે. આ કારણે રાજકીય પક્ષો દ્વારા અત્યારથી સંગઠનને મજબૂત કરવાની કવાયતો હાથ ધરાઈ છે. ગાંધીનગર શહેર જિલ્લા યુથ કોંગ્રેસમાં નવા હોદ્દેદારોની નિમણુંકો કરવામાં આવી છે તે અંતર્ગત યુથ કોંગ્રેસના પ્રમુખ પદે ભાવેશ દેસાઈ, ઉપપ્રમુખપદે યુનુસ યુસુફભાઈ પરમાર તથા મહિલા ઉપ પ્રમુખ પદે શિખા દેસાઈની જંગી બહુમતીથી વરણી કરવામાં આવી છે.

## જીએસપીસીના કૌભાંડ સામે કોંગ્રેસના મહાનગરોમાં દેખાવો

**ચૂંટણી સમયે ઉદ્યોગપતિઓની મદદના બદલારૂપે અહેસાન ચૂકવવા ઓનજીસી જેવી અબજો રૂપિયાની નફો કરતી નવરત્ન કંપની પણ ઉદ્યોગપતિઓને મોદી સરકાર ભેટ કરી દેશે**

અમદાવાદ, તા. ૨૭

ગુજરાત સરકારની કંપની જીએસપીસી (ગુજરાત સ્ટેટ પેટ્રેકેમિકલ્સ કોર્પોરેશન લીમીટેડ)નું ભાજપ સરકારે ઓનજીસી સાથે મર્જર કરવાનો નિર્ણય લેવાના ચક્રો ગતિમાન કર્યા છે. તેનો ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા રાજ્યના ભ્રષ્ટાચારને છાવરવા આ કૃત્યોને પ્રજા જાકારો આપશે. જીએસપીસીનું રૂ. ૨૦,૦૦૦ કરોડનું કૌભાંડ છાવરવા માટે લેવાયેલ આ નિર્ણય રાષ્ટ્રના હિતમાં નથી. એટલું જ નહિ રાષ્ટ્રની ઓનજીસી જેવી સંસ્થામાં ભારે ખોટ ધરાવતી જીએસપીસીનું મર્જરનો વિચાર એ રાષ્ટ્રદ્રોહ છે. હાજરીમાં સૂત્રોચ્ચાર-દેખાવો યોજવામાં આવ્યા હતા. જેમાં કોંગ્રેસ પક્ષના પ્રદેશ ઉપપ્રમુખ અશોક પંજાબી, પ્રદેશ પ્રવક્તા ડૉ. મનિષ દોશી, અમદાવાદ કોર્પોરેશનના નેતા દિનેશ શર્મા, પૂર્વ નેતા સુરેન્દ્ર બક્ષી મહિલા કોંગ્રેસના પ્રમુખ મંજુલાબેન ભારદ્વાજ સહિતના આગેવાનો અને



૮ મહાનગરોમાં તા. ૨૭ ઓક્ટોબર ૨૦૧૬ ગુરૂવારના રોજ વિરોધ પ્રદર્શિત કરતો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં કાર્યકરો-આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ ભરતસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે, આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત અબજો રૂપિયાનો નફો કરતી નવરત્ન કંપની ઓએનજીસીને નુકશાન પહોંચાડવા અને જીએસપીસી ખાતેના 'કોકીદાર' તરીકેની મોટી વાત કરનાર ભાજપના મુખીયાએ પ્રજાની તિજોરીને મોટુ ગાબડુ પાડ્યુ છે. ત્યારે કોંગ્રેસ પક્ષ પ્રજાના હિતમાં ભાજપના ભ્રષ્ટાચાર સામે અને કૌભાંડી કંપની જીએસપીસીના ઓએનજીસીમાં મર્જર કરવાના કાવતરા સામે કોંગ્રેસ પક્ષ દ્વારા લડત આપવામાં આવશે.

અમદાવાદ શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ ચેતન રાવલના નેતૃત્વ હેઠળ ઓએનજીસી-અવની ભવન ચાંદ ખાતે મોટી સંખ્યામાં કાર્યકરોની કાઉન્સીલરો કાર્યક્રમમાં જોડાયા હતા અને ભાજપ સરકારના ભ્રષ્ટાચાર સામે સૂત્રોચ્ચાર કર્યા હતા.

ભરતસિંહ સોલંકીએ વધુમાં જણાવ્યું હતું કે કેન્દ્ર સરકાર ફેર વિચારણા કરી ગુજરાત સરકારની કંપની જીએસપીસી (ગુજરાત સ્ટેટ પેટ્રોકેમિકલ્સ કોર્પોરેશન લીમીટેડ)નું ભાજપ સરકારે ઓએનજીસી સાથે મર્જર કરવાનો નિર્ણય લેવાના ચક્રો ગતિમાનને વહેલી તકે બંધ રાખે તેવી માંગણી કરી છે.

## વિશ્વ ભારતી સંકુલનો સાંસ્કૃતિક રસોત્સવ યોજાયો

ગાંધીનગર, તા. ૨૭

વિશ્વભારતી શાળા સંકુલ દ્વારા ૫૩મો સાંસ્કૃતિક રસોત્સવ ટાઉનહોલ





ખાતે યોજાયો હતો. આંતર રાષ્ટ્રિય કઠોળ વર્ષ નિમિત્તે શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા દ્વારા આંગણવાડીની બહેનોને કઠોળ આપી તંદુરસ્ત સમાજ તૈયાર કરવાની શીખ આપી. ''બેટી બચાવો બેટી પઢાઓ''ના સૂત્રને સાચા અર્થમાં અમલમાં મુકવા લઘુમતી સમાજને જણાવ્યું હતું.

૧૯૬૩માં વિશ્વભારતી સંસ્થાની શરૂઆત સુરેશભાઈ શુકલ દ્વારા કરવામાં આવી હતી. ત્યારથી વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ પ્રત્યે વિશેષ ધ્યાન આપવામાં આવે છે. આજે સંસ્થામાં ૯૯ ટકા વિદ્યાર્થીઓ લઘુમતી સમુદાયના અભ્યાસ કરે છે. છતાં વિદ્યાર્થીઓ દ્વારા સર્વધર્મ સમભાવ ધર્માવતી તેમની કૃતિ રજુ કરવામાં આવી હતી તે સાચા અર્થમાં કોમી એખલાસના દર્શન કરાવે તેમ લાગી રહ્યું હતું.

રસોત્સવના કાર્યક્રમ પ્રસંગે શિક્ષણમંત્રી માં. ભુપેન્દ્રસિંહ ચુડાસમા હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પુરૂ પાડ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે શાળા એ મારો પરિવાર છે. સમાજમાં સંસ્કારની નીતિ પ્રમાણે 'બેટી બચાવો બેટી પઢાઓ' પર ભુપેન્દ્રસિંહે ભાર મુકતા જણાવ્યું હતું કે શાળાઓમાં પ્રવેશોત્સવની શરૂઆત તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા શરૂ કરવામાં આવી હતી. જેના પરિણામરૂપે આજે ૧૦૦ ટકા બાળકો સાક્ષર થઈ રહ્યા છે. લઘુમતી સમાજની આંખો ખોલવા બેટી બચાવો અભિયાનના ભાગરૂપે બહેનોને પોતાના પેટના કૂખને કબ્રસ્તાન ન બનાવવા ભાર મુક્યો હતો.

સજ્જાદહુસેન રિફાઈએ જણાવ્યું હતું કે ઈસ્લામ ધર્મમાં ચાર કાર્ય ન કરવા ગુનાહ પણ છે. જેમાં બેટીનો જન્મ ન થવા દેવો, બેટીને ન ભણાવવી, સ્વચ્છતા ન રાખવી અને વતનથી મહોબ્બત ન હોવીનો ઉલ્લેખ જેમાં છે.

## ફિનાર ફાઉન્ડેશન બ્લડ ડોનેશન ડ્રાઈવ

અમદાવાદ, તા. ૨૭

કોઈની જિંદગી બચાવવા માટે ડૉક્ટર હોવું જરૂરી નથી. માત્ર ૨૦ મિનિટ જેટલો સમય અને ૩૦૦ મિલી રક્તદાન કરીને આપણે કોઈની જિંદગી બચાવી શકીએ છીએ. આવા દષ્ટિકોણ સાથે ફિનાર ફાઉન્ડેશન દ્વારા એક ઝુંબેશ શરૂ કરવામાં આવેલ છે. ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી અમદાવાદએ ૮૦૦ જેટલા થેલેસેમિયાના બાળકોને દત્તક લીધેલા છે. તેઓને મદદ કરવા માટે ફિનાર ફાઉન્ડેશને આ વર્ષે ''બ્લડ ડોનેશન ડ્રાઈવ'' દ્વારા ૫૦૦ યુનિટ રક્તદાન મેળવવાનું લક્ષ્ય રાખેલ છે.

અમારો પ્રથમ કેમ્પ ચાંગોદરની એક મેન્યુફેકચરીંગ કંપનીમાં યોજાયો હતો. જ્યાં ૬૧ યુનિટ રક્તદાન થયું હતું. આ ઝુંબેશ હેઠળ ૨૨ ઓક્ટોબર-૨૦૧૬ના રોજ ચાગોદર ગામમાં અને ૨૫ ઓક્ટોબર ૨૦૧૬ના રોજ મોડાસા ગામમાં સરકારી પ્રાથમિક શાળાના બાળકો દ્વારા ગામના લોકોને રક્તદાન વિષે માહિતગાર કરવા માટે રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. અમારો બીજો કેમ્પ ૨૪ ઓક્ટોબર ૨૦૧૬ના રોજ ચાંગોદર પે સેન્ટર (ચાંગોદર, તા. સાણંદ, અમદાવાદ) ખાતે અને અમારો ત્રીજો કેમ્પ ૨૬ ઓક્ટોબર-૨૦૧૬ના રોજ મોડાસા પે સેન્ટર (મોડાસર, તા. સાણંદ, અમદાવાદ) ખાતે રાખવામાં આવેલ. શાળાના શિક્ષકો અને ગ્રામજનોના સહયોગથી ૫૫ યુનિટ રક્તદાન મેળવવામાંઆવ્યું આ સાથેઅત્યાર સુધી કુલ ૧૧૬ યુનિટ રક્તદાન થયેલ છે.



### એચઆઈવી પોઝીટીવ જરૂરિયાતમંદોને મિઠાઈ-ફરસાણનું વિતરણ

ગાંધીનગર જિલ્લાના એચઆઈવી એઈડ્સ પોઝીટીવ નાગરિકો માટે કાર્યરત સંસ્થાના વિહાન કેર એન્ડ સપોર્ટ સેન્ટર ખાતે શહેરની સેવાભાવી સંસ્થા સહયોગ મંડળ તથા સામાજિક સંસ્થા બ્રહ્મસમાજની મહિલા પાંખ દ્વારા મિઠાઈ અને ફરસાણનું વિતરણ કરવામાં આવ્યું હતું. સંસ્થાના ૧૦૦ થી વધુ જરૂરિયાતમંદોને દિવાળી નિમિત્તે શુભેચ્છાના પ્રતિકરૂપે આ મિઠાઈ ફરસાણનું વિતરણ કરાયું હતું. સહયોગ મંડળ વતી પ્રમુખ ભગુભાઈ પટેલ, સુકેતુભાઈ મહેતા તથા ડી.એમ. પરમારે મિઠાઈ-ફરસાણ સંચાલકોને સોંપી હતી. જ્યારે બ્રહ્મસમાજની મહિલા પાંખની અગ્રણી સભ્યોએ ઉપસ્થિત રહી તેમની સામગ્રી સોંપી સેવા-કાર્ય હાથ ધર્યુ હતુ.

### તન તંદુરસ્ત ● ૪ પાનાનું ચાલુ...

આતો બધું આપને માઈગ્રેન થવાના વિવિધ કારણો વિશે ચર્ચા કરી. પણ ભાઈ એની દવા શું? માઈગ્રેન કાયમ માટે મટી ના જાય? જવાબ આપવો ખૂબ અઘરો છે.

એલોપેથીક મા ડોકટરો પેરાસીટામોલ વિથ એનાલ્જીમ, બ્રૂફેલ વગેરે દવાઓ આપે છે. કોઈ વખત બોટેક્સ (Botox) ટ્રીટમેન્ટ કરે છે. જેનાથી માઈગ્રેન કંટ્રોલ મા રહે છે. આયુર્વેદિક વાળા ડોક્ટર પણ એમની હર્બલ દવાઓ પણ આપતા હોય છે.એક માન્યતા એવી છે કે ગાય ના મુત્ર માં માઈગ્રેન મટાડવાની ખુબ શક્તિ છે એટલેકે ગાય નું મુત્ર અથવા તો ગાયના મુત્ર માંથી બનાવેલી ગોળી ઓ થી માઈગ્રેન માટી શકે છે ઘણી વખત Acupuncture ટ્રીટમેન્ટ થી પણ ફાયદો થતો હોય છે. પણ ભાઈ આ બધા થી તો હંગામી ધોરણે ફાયદો થાય પણ કાયમ નો ઈલાજ છે?

કદાચ હા. જેને આપને Relaxation Technique કહીએ છીએ. એ વળી શું? Relaxation Technique એટલે એ આપણી જાતે જ આપને શોધી કાઢવી પડે છે. દા. ત. રમેશભાઈ દરજી ને પણ માઈગ્રેન હતું. ખૂબ થાક્યા. પછી જાતેજ એમને નક્કી કર્યું કે મને માઈગ્રેન ન થવું જોઈએ. એમને એમની પોતાની ગમતી પ્રવૃત્તિઓ માં મન ને જોડી દીધું. ખાવા પીવાનું નિયમિત કર્યું. આથેલી વાનગીઓ, ચીઝ, ચોકલેટ, પીઝા ને તેલાંજલિ આપી. યોગા ની શરૂયાત કરી. રોજ સવારે નિયમિત પ્રાણાયામ કરવા. વોટર થેરાપી શરૂ કરી. રોંજ સવારે બ્રહ્મ મુહુર્તમા તાંબાના વાસણ માં ૨૪ કલાક રાખેલું ૩-૪ લીટર પાણી ધીમે ધીમે પીવાની પ્રક્રિયા કરી. અને ૨-૩ કિલોમીટર નિયમિત ચાલવું. મનને ખૂશ રાખવું. આનંદમાં રહેવું. બીજાને આનંદ કરાવવો. એ વાત ને વર્ષો થયા કે માઈગ્રેન સાવ મૂળ માંથી જતું રહ્યું. અને છેલ્લા ૪ વર્ષ થી માઈગ્રેન મુક્ત જીવન માણે છે. ઘણા લોકો માથામાં હળદળ લગાવે છે, માટી લગાવે છે. લસણ લગાવે છે. ઈંડા માંથી નીકળતો પીળો અર્ક લગાવે છે. જેનાથી થોડું ગણું સારું થાય.

પણ ભાઈ માઈગ્રેનની દવા તો ચિંતાઓને નેવે મૂકીને આનંદમાં રહેવું. એજ છે. નિયમિત ચિંતા મુક્ત જીવવું. ધાર્યું તો ધણી નું થાય એ ફિલોસોફી પર જીવો તો માઈગ્રેન માંથી મુક્તિ મળે. એટલે જ ગીતા માં કૃષ્ણ ભગવાને કહ્યું છે કે મારી સનીતી માત્ર થી આ સર્વ જગત વ્યવસ્થિત ચાલે છે.

ઘણી વખત માઈગ્રેન થવાના કારણ માં ઈલેક્ટ્રોલાઈટ ઈન બેલેન્સ જવાબદાર છે. જેમાં પ્રવાહી વધારે પડતું લીંબુ અને મીઠું લેવાથી માઈગ્રેનમાં ફાયદો થાય છે. ચાની જગ્યાએ મીઠું અને લીંબુ અને પાણી નો પ્રયોગ કરવા જેવો છે. ચાલો નવા વર્ષ થી આપને સર્વે શરૂઆત કરીએ અને માઈગ્રેનના દર્દ નું નિવારણ કરીએ. સર્વ ને દિવાળી પર્વ અને નવા વર્ષની શુભેચ્છાઓ અને શુભ-કામનાઓ.

- sgpathlab@gmail.com

## જસ્ટ ઈન વોગ દ્વારા વિસ્તરણ યોજના

અમદાવાદ, તા. ૨૭

રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય વોચ બ્રાન્ડ્સની દેશની ટોચની રિટેલર કંપની જસ્ટ ઈન વોગ દ્વારા તેની વિસ્તરણ યોજનાની વિગતો રજૂ કરવામાં આવી હતી. અમદાવાદ સેન્ટ્રલમાં આજે જાણીતી લેડીઝ વોચ બ્રાન્ડનાં નવા કલેક્શનની રજૂઆતના યોજાયેલા કાર્યક્રમમાં જસ્ટ લાઈફસ્ટાઈલ પ્રા.લિ.ના જનરલ મેનેજર મનોજ સુબ્રમણ્યમ અને મુવી સ્ટાર, ટોપ મોડલ અને મિસ ઈન્ડિયા ૨૦૧૧ કુ. હસલીન કૌર ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

મિસ ઈન્ડિયા ૨૦૧૧ કુ. હસલીન કૌર દ્વારા જસ્ટ ઈન વોગ સેન્ટરમાં એસ્પેનનું નવું કલેક્શન રજૂ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કુ. હસલીન કૌરે જણાવ્યું હતું કે, 'એસ્પેન વોચીઝ સાતે જોડાતા મને ઘણો જ આનંદ થાય છે. એસ્પેન વોચીઝ તે ભારતમાં એક માત્ર મહિલા કેન્દ્રિત વોચ બ્રાન્ડ છે. એસ્પેન વોચ બ્રાન્ડ મહિલા સશક્તિકરણનો મજબૂત સંદેશો પાઠવે છે. આ પ્રોડક્ટને સુંદર ખ્યાલો અને ચીવટતા સાથે ડિઝાઈન કરવામાં આવી છે.'